**ANNEXURE-C**

**NEWSLETTERS**



ઑક્ટોબર-૨૦૦૩

## માનનીય અધ્યક્ષશ્રીનો ગુજરાત વિદ્યુત બોર્ડના કર્મચારીઓને સંદેશ

પ્રિય મિત્રો,

ગુજરાત વિદ્યુત બોર્ડના કર્મચારી મિત્રોએ સહકાર આપી ગુજરાત વિદ્યુત બોર્ડને તમામ ક્ષેત્રે ઉત્કૃષ્ઠ સિદ્દિ હાંસલ કરવામાં જે જહેમત ઉઠાવી છે તે બદલ હું દરેક કર્મચારી મિત્રને અભિનંદન પાઠવું છું. અગાઉ પણ જી.ઈ.બી. ન્યુઝના માદયમ દ્વારા તેમજ જી.ઈ.બી.ના જાહેર સમારંભોમાં, હું વખતો વખત આપ સર્વે કર્મચારીઓનું ધ્યાન બદલાતા જતા હરિફાઈના વાતાવરણ અંગે દોરતી આવી છું. આવતા દિવસોમાં આપણે આ વાતાવરણમાંજ કામ કરવાનું છે. મોટાભાગના કર્મચારીઓએ પડકારને સ્વીકારીને કામ કર્યુ છે. તેમ છતાં હરિફાઈના નવા માહોલ માટે આપણે કમરકસીને તૈયાર રહેવું પડશે.

આપણાંમાંથી ઘણાને ચિંતા હશે કે આવતા દિવસોમાં શું થશે? આ તબક્કે હું સ્પષ્ટ રીતે જણાવવા માંગુ છુ કે પુનર્ગઠનની કામગીરીથી કોઈ વિપરીત અસર થશે નહિ. સામાન્ય જીવનમાં સ્કુલ અથવા કોલેજનું શિક્ષણ સહેલું હોતુ નથી તેમ છતાં ઉત્તરોત્તર વધુ લોકો સ્કુલ અને કોલેજના માધ્યમ દ્રારા ઉચ્ચ પદવીઓ હાંસલ કરીને વૈશ્વિક સ્તરે સિદ્દિઓ મેળવે છે, અને જાહેર જીવનમાં સફળ થવા માટે મહેનત કરે છે.

કોઈપણ સંસ્થા પછી તે જાહેર સાહસ હોય કે ખાનગી કંપની, સતત સુધારણા અને માળખાકીય ફેરફારો સંસ્થા માટે અગત્યના છે. ગુજરાત વિદ્યુત બોર્ડ આમા અપવાદ ન હોઈ શકે અને બદલાતા જતા વાતાવરણમાં વ્યાવસાયિક અસરકારકતા જાળવવા સારૂ તેમજ ગુજરાત રાજ્યના આર્થિક વિકાસમાં સહભાગી થવા સારૂ આપણે પરિવર્તનશીલ બનવું પડશે. છેલ્લા કેટલાક સમયથી ખાનગી કંપનીઓના વીજ ઉત્પાદન અને વીજ વિતરણ ક્ષેત્રોમાં પ્રવેશથી ગુજરાત વિદ્યુત બોર્ડ સામે નવા પડકારો ઉભા થયા છે, જેને પહોંચી વળવા નવી નીતિ અખત્યાર કરવી પડશે. ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકારે વીજળી ક્ષેત્રે માળખાકીય ફેરફારોને અનુલક્ષીને કાયદાઓ ઘડેલ છે. ગુજરાત વીજ ઉધોગ (પુનર્ગઠન અને નિયમન) અધિનિયમ-૨૦૦૩ અન્વયે ગુજરાત રાજ્યમાં અને કેન્દ્ર સરકારના

ઇલેક્ટ્રીસીટી એક્ટ, ૨૦૦૩ની ધારાઓ અન્વયે તમામ રાજ્યોના વિદ્યુત બોર્ડોમાં માળખાકીય અને વહીવટી ફેરફારો સૂચવ્યા છે. આ કાયદાકીય જોગવાઈઓ અનુસાર વિદ્યુત બોર્ડોને નાના પરંતુ કાર્યક્ષમ એકમોમાં તબદીલ કરવાની ધારણા છે. જેથી કામગીરી અને વહીવટમાં સુધારો મેળવી શકાય. ઉર્જા ક્ષેત્રે દેશભરમાં થનાર પુર્નરચનાઓ અને તેથી આવતા બદલાવ વિશે અજાણ રહીને ગુજરાત વિદ્યુત બોર્ડ આત્મ સંતોષમાં રાચી શકે નહીં.

છેલ્લા ૪૦ વર્ષ દરમ્યાન ગુજરાત વિદ્યુત બોર્ડે તેના વિદ્યુત માળખામાં વિસ્તરણ કરીને રાજ્યના તમામ વિસ્તારોમાં વીજ પુરવઠો પુરો પાડવાની સિધ્ધિ હાંસલ કરેલ છે. તેમછતાં કેટલાક ક્ષેત્રોમાં સુધારાનો અવકાશ જણાય છે. આ સમયગાળા દરમ્યાન ગુજરાત વિદ્યુત બોર્ડનો રાજ્યભરમાં કામગીરીનો વ્યાપ વધ્યો હોવાથી સ્વાભાવિક રીતે વ્યકિતગત કાર્યક્ષમતા અને જવાબદારી પર અસર થઈ છે. ગુજરાત વિદ્યુત બોર્ડ તરીકે આપણે ગૌરવ અનુભવીએ છીએ કે રાજ્યના ૧૦૦ ટકા ગામડાઓનું વીજળીકરણ અને રાજ્યના તમામ વિસ્તારોમાં આપણી પોતાની અંદાજે ૫૦૦૦ મે.વો.ની ઉત્પાદન ક્ષમતાના પીઠબળથી રાજ્યના ખૂણે ખૂણે આપણે વીજળી પહોંચાડી શક્યા છીએ. છતા પણ નવા સુધારાઓને જરૂરથી અવકાશ છે અને તેથી આપણી કાર્ય કરવાની પધ્ધતિમાં પણ બદલાવ લાવવાની જરૂર છે. બોર્ડની પુર્નરચના કરીને જ્યારે આપણે બદલાવ લાવવાનો ઉમદા પ્રયાસ કરતા હોઈએ ત્યારે તે પ્રયાસ આપણી આસપાસની પરિસ્થિતિની સાથે સરખામણી થઈ શકે તેવો હોવો જોઈશે. આ પુર્નરચના થકી આપણા વહીવટી અને નાણાકીય માપદંડો સુધરે અને ગુજરાત વિદ્યુત બોર્ડ એક સક્ષમ સંસ્થા તરીકે તરી આવે તેવા ધ્યેય સાથે આપણે ખભેખભા મિલાવીને આગળ વધવાનું છે.

છેલ્લા કેટલાક વર્ષો દરમ્યાન ગુજરાત રાજ્ય સાથે ગુજરાત વિદ્યુત બોર્ડે પણ જાતજાતની કુદરતી આપત્તિઓનો સામનો કરવો પડ્યો છે. સ્વાભાવિક રીતે ગુજરાત વિદ્યુત બોર્ડની પાછલા વર્ષોની એકત્રિત થયેલ ખોટ માટે ફકત ગુજરાત વિદ્યુત બોર્ડને જવાબદાર ગણી શકાય નહીં, તેમછતાં હાલના તબક્કે એકત્રિત થયેલ ખોટના વિવિધ પાસાઓ સમજીને બોર્ડને ભવિષ્યમાં આર્થિક રીતે પગભર કરવા સારૂ વિવિધ કાર્યરચનાઓ હાથ ધરવી પડશે. આપને સુવિદિત થશે કે રાજ્ય સરકાર ગુજરાત વિદ્યુત બોર્ડને સતત નાણાકીય સહાય આપી શકે નહીં. કારણ કે, રાજ્ય સરકારને આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે સામાજીક જવાબદારીઓ પણ નિભાવવાની હોય છે અને તેથી અન્ય જરૂરી ઉર્જા ક્ષેત્ર પગભર બનાવવું અતિ આવશ્યક છે.

રાજ્ય સરકારે ઝીણવટભરી વિચારણાને અંતે ગુજરાત વિદ્યુત બોર્ડને કંપની કાયદા, ૧૯૫૬ માં આવરી લઈ ઉત્પાદન, પ્રવહન અને વીજ વિતરણ એમ ત્રણ ભાગમાં વિભાજીત કરવાનું નક્કી કર્યુ છે. આ તબક્કે ઉલ્લેખનીય છે કે, ગુજરાત વિદ્યુત બોર્ડ આવનાર પરિવર્તનને પહોંચી વળવા સંપૂર્ણ રીતે તૈયાર છે. ગુજરાત વિદ્યુત બોર્ડની પેટા કંપની

તરીકે ગુજરાત રાજ્ય વિદ્યુત કોર્પોરેશન લી. વીજ ઉત્પાદન ક્ષેત્રે અસ્તિત્વમાં છે. તદ્ઉપરાંત ગુજરાત રાજ્ય વિદ્યુત પ્રવહન કોર્પોરેશન લીમીટેડ નામની પ્રવહન કંપની પણ અસ્તિત્વમાં છે. તદ્ઉપરાંત વીજ વિતરણ ક્ષેત્રે ૪ નવી કંપનીઓને પણ કાર્યાન્વિત કરવાનું ગતિમાં છે. જેમ કે ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ અને પશ્ચિમ વિભાગ વીજ કંપની લીમીટેડ. આ કંપનીઓમાં જી.ઈ.બી. મુખ્ય શેર હોલ્ડર રહેશે. રાજ્ય સરકારે નક્કી કરેલ નવી રચના અનુસાર વિભાજન બાદ પણ ગુજરાત વિદ્યુત બોર્ડ બાકી રહેલ (રેસીડ્યુઅલ) સંસ્થા તરીકે ચાલુ રહેશે કે જે વીજ ઉત્પાદન કંપની પાસેથી મોટા જથ્થામાં વીજ ખરીદ કરીને વિતરણ કંપનીઓને મોટા જથ્થામાં વેચશે અને આમ વીજળી ગ્રાહકો સુધી પહોંચશે. ઉર્જા ક્ષેત્રે નવા કાયદાઓ અનુસાર આ પ્રમાણે પુનર્ગઠનની જોગવાઈ છે.

પુનર્ગઠનની આ પ્રક્રિયામાં ગુજરાત વિદ્યુત બોર્ડના કર્મચારીઓને સ્પર્શતી મુખ્ય બાબતો તરીકે તેમને મળતી નોકરીની સલામતિ અને આર્થિક લાભો છે. આ બાબતે હું આપનું ધ્યાન રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારના સંબંધિત કાયદાઓ તરફ દોરવા માગું છું જેમાં સ્પષ્ટ જોગવાઈઓ છે કે ગુજરાત વિદ્યુત બોર્ડમાં ઉપલબ્ધ નોકરીની શરતો, પગાર ધોરણ અને અન્ય લાભો વગેરે નવી રચાયેલ કંપનીઓમાં કોઈપણ રીતે ઉતરતા હશે નહીં. તદ્નુસાર, જ્યારે કાયદામાં જ આવી જોગવાઈઓ આવરી લેવાયેલ હોય ત્યારે કર્મચારીઓને ચિંતાનું કોઈ કારણ નથી.

હું આપને વધુમાં જણાવવા માગું છું કે, ઉપરોક્ત પુર્નરચનાથી નવી કંપનીઓ માટે પોતાની વ્યવસ્થા જાળવવાનું સ્વાતંત્ર્ય મળશે અને રોજબરોજના નિર્ણયો માટેના અધિકાર ડીવીઝન ઓફીસોમાં ફાળવવામાં આવશે. નવી કંપનીઓનું સ્વરૂપ નાનું હોવાથી નિર્ણયો લેવાની ક્ષમતા સુધરશે અને તેનાથી કાર્યક્ષમતામાં વધારો થશે. આમ, સત્તાનું વિકેન્દ્રીકરણ થવાથી કંપનીઓ પોતાની નાણાકીય પરિસ્થિતિ અને અન્ય વહીવટી અનુકુળતાને ધ્યાનમાં રાખી નિર્ણયો લેવા માટે સક્ષમ બનશે. આના પરિણામ સ્વરૂપે રાજ્યમાં ઉર્જા ક્ષેત્ર વધુ કાર્યક્ષમ અને અસરકારક બનશે અને કર્મચારીઓની દ્રષ્ટિએ આ પ્રક્રિયા તેના હાલના કાર્યક્ષેત્રમાં સુધારો લાવવા તરફી બની રહેશે. આનાથી તમામ કર્મચારીઓને પ્રગતિની વ્યાપક તકો પણ મળી રહેશે. નવા બંધારણમાં આપણા સૌ માટે નિર્ણય લેવાની સત્તાઓ મળશે અને સાથોસાથ આપણી જવાબદારીઓમાં પણ વધારો થશે. સ્વાભાવિક રીતે આ પ્રક્રિયામાં આપણા સૌ માટે કાર્ય કુશળતા વધારવા વિવિધ તાલીમોનું આયોજન જરૂરી બનશે. હકીકતમાં કર્મચારીઓને વિવિધ સ્તરે વ્યાપક પ્રમાણમાં તાલીમ આપવાનું શરૂ કરેલ છે અને હવે પછી પણ તમામ સ્તરના કર્મચારીઓ માટે વખતો વખત તાલીમ વર્ગોનું આયોજન થશે. નવા બંધારણમાં આપણને સોંપવામાં આવનાર ફરજો સારી રીતે બજાવી શકાય તે માટે આપણે પ્રયત્નશીલ થવું જરૂરી બનશે.

લાંબા ગાળે ઉર્જા ક્ષેત્રનું પુનર્ગઠન પૂર્ણ વિકાસ તરફ લઈ જશે કે જેનાથી કર્મચારીઓને પ્રગતિની તકો પણ ઉભી થશે. વધુમાં આ પ્રમાણેનો વિકાસ અને કાર્યક્ષમતા રાજ્યને ઔદ્યોગિક વિકાસ તરફ દોરી જશે અને તેનાથી અન્ય ક્ષેત્રોમાં પણ રોજગારીની વધુ તકો ઉભી થશે અને સમગ્ર રાજ્યનો વિકાસ થશે. આમ, બોર્ડના પુનર્ગઠનથી કર્મચારીઓ માટે તેમજ નવી સ્થપાયેલ કંપનીઓ માટે વિકાસની નવી ક્ષિતિજો ખુલશે.

અંતમાં હું ફરી એકવાર સ્પષ્ટતા કરવા માગું છું કે,

૧. કર્મચારીઓને નવી ઉભી થયેલ કંપનીમાં "જ્યાં છે ત્યાં"ના સિધ્ધાંત ઉપર મૂકવામાં આવશે. આ બાબતે કર્મચારીઓની રજુઆતોના નિકાલ સારૂ અલગ વ્યવસ્થાતંત્ર ઉભું કરવામાં આવશે. તદ્ઉપરાંત આવી રજુઆતો અંગે નિર્ણય લેતી વખતે પારદર્શકતા જળવાઈ રહે તેવા માપદંડ રાખવામાં આવશે.

૨. કોઈપણ કર્મચારીની છટણી થશે નહીં અને તેઓના મૂળ પગાર, ભથ્થા, અન્ય આર્થિક ફાયદાઓ અને નિવૃતિ વખતે મળનાર લાભો વગેરે હાલની સ્થિતિ મુજબ યથાવત રહેશે.

૩. પુનર્ગઠન બાદ નોકરીની શરતો ગુજરાત વિદ્યુત બોર્ડની નોકરીની શરતો કરતા ઉતરતી હશે નહીં અને આ બાબતે ગુજરાત વીજ ઉદ્યોગ (પુનર્ગઠન અને નિયમન) અધિનિયમ-૨૦૦૩ માં થયેલ જોગવાઈઓનો ચુસ્તપણે અમલ થશે.

ઉપરોક્ત તમામ પાસાઓનો ઉલ્લેખ ભવિષ્યમાં રાજ્ય સરકાર દ્વારા બહાર પાડવામાં આવનાર તબદીલી અંગેના જાહેરનામામાં પણ કરવામાં આવશે. આમ, એકંદરે કર્મચારીગણ ઉપર કોઈ વિપરીત અસર થશે નહી. હકીકતમાં નવી સ્થાપાયેલ કંપની કાર્યક્ષમ અને નફાકારક બનવાથી કર્મચારીઓના વિકાસની અનેક તકો ઉભી થશે. પુનર્ગઠનની પ્રક્રિયાથી ગુજરાત રાજ્યમાં ઉર્જા ક્ષેત્ર વધુ કાર્યક્ષમ, આર્થિક રીતે સધ્ધર અને ગ્રાહકોને સારી સેવાઓ આપવાનું ક્ષેત્ર બને તેવો હેતુ છે અને મને વિશ્વાસ છે કે આપ સૌના સાથ સહકારથી શક્ય તેટલા ઓછા સમયમાં ઉર્જા ક્ષેત્રમાં ફેરફારો લાવી શકીશું.

ડૉ. મંજુલા સુબ્રમણ્યમ, આઇ.એ.એસ.
અધ્યક્ષ
ગુજરાત વિદ્યુત બોર્ડ

BINDOO Press / 0265-25803



તા.૨૭-૭-૨૦૦૪

## માનનીય અધ્યક્ષશ્રીનો ગુજરાત વિદ્યુતબોર્ડના કર્મચારીઓને સંદેશ-૪

પ્રિય મિત્રો,

સૌ પ્રથમ તો હું આપ સૌને ગયા વર્ષે ગુજરાત વિદ્યુત બોર્ડે વિવિધ ક્ષેત્રે હાંસલ કરેલી સિધ્ધિઓમાં પ્રદાન કરવા બદલ અભિનંદન આપું છું. અત્રે એ ઉલ્લેખ કરતાં હું હર્ષની લાગણી અનુભવું છું કે આપણાં બધાં જ કર્મચારીઓએ સંસ્થાની પ્રતિભાને ઉજ્જવળ બનાવવા માટે, આવક વૃધ્ધિ માટે અને કાર્યક્ષમતામા સુધારા માટેના પડકાર ઝીલી લીધાં છે. આપણી રોજીંદી કામગીરીમાં સતત સુધારો લાવવાના પ્રયાસ અને કામકાજના વાતાવરણમાં તેમજ આપણાં વલણમાં અને આપણી કાર્યક્ષમતામાં ઉચ્ચતરસ્તર પ્રાપ્ત કરવાની દિશામાં આપણામાંના પ્રત્યેક વ્યક્તિએ જે પ્રદાન કર્યું છે, એ બદલ પણ હું આપ સૌને અભિનંદન આપું છું. આપણે આપણી સિધ્ધિઓ બદલ ગૌરવ લેવું જોઈએ અને હજુ વધુ સુધારાઓ માટેના લક્ષ્યાંકો નિયત કરવા જોઈએ.

ગયા વર્ષની કેટલીક મહત્વની સિધ્ધિઓમાં વર્ષ ૨૦૦૩-૨૦૦૪ દરમ્યાન નોંધાયેલ રૂા.૯૧૭૫ કરોડની વિક્રમી આવક,આગલા વર્ષના પ્રમાણમાં વીજ પ્રવહન અને વિતરણ દરમ્યાન થતાં વીજ વ્યયમાં ૨.૧૮ ટકા જેટલો ઘટાડો,વણાકબોરી થર્મલ વીજ મથક દ્વારા હાંસલ થયેલ ૮૨.૫૫ ટકા પ્લાન્ટ લોડ ફેકટર તેમજ કડાણા પમ્પ્ડ સ્ટોરેજ પ્રોજેક્ટનો પ્રારંભનો સમાવેશ થાય છે. વીજ ઉત્પાદન, વીજ વિતરણ કે વીજ પ્રવહન શાખાના બધા જ કર્મચારીઓ દ્વારા જે પ્રદાન કરવામાં આવ્યું છે તેનાથી જ આ શક્ય બન્યું છે. સુરત ઝોન દ્વારા મહત્તમ આવક પ્રાપ્ત કરવામાં આવી છે ત્યારે રાજકોટ ઝોન દ્વારા નવા વીજ જોડાણો આપવાની કામગીરી ચોકસાઈ પૂર્વક ચાલી રહી છે. આપણે એ.પી.ડી.આર.પી.ની યોજનાઓમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે. ક્ષેત્રિય એકમોએ લગભગ ૭ લાખ ૫૦ હજાર જેટલાં મીટરો બદલાવ્યા છે. તમામ કક્ષાના કુલ ૧૩૦૦૦

જેટલાં કર્મચારીઓને તાલીમ આપી છે અને આપણી વીજ પ્રવહન વ્યવસ્થાની ઉપલબ્ધિ લગભગ સો એ સો ટકા રહેવા પામી છે. પ્રત્યેક વ્યક્તિ દ્વારા જો પ્રદાન કરવામાં આવ્યું ન હોત તો આ સિધ્ધિ હાંસલ ના થઈ શકી હોત. તમામને મારા અભિનંદન.

આમ છતાં આપણે જ્યારે સારી કામગીરી કરીએ છીએ ત્યારે અપેક્ષાઓ પણ વધે છે અને આથી જ આપણે વર્તમાન સિધ્ધિઓને વધુ ઉંચાઈએ લઈ જવા માટે સતત પ્રયત્નશીલ રહેવું પડશે.

કેટલાંક કર્મચારીઓમાં એવી લાગણી પ્રવર્તે છે કે થોડા સમય માટે રિફોર્મ્સની પ્રક્રિયાને સ્થગિત કરવામાં આવે, પરંતુ રિફોર્મ્સ એ માત્ર સંસ્થાઓના પુનર્ગઠનની વાત નથી, પણ રિફોર્મ્સ એટલે આપણી માનસિકતામાં અને વલણોમાં પરિવર્તન, પડકારોનો સ્વીકાર અને સાર્વત્રિક કાર્યક્ષમતામાં સુધારો તેમજ આપણે જે કામગીરી બજાવતા હોઈએ એના પ્રત્યે નિષ્ઠા.

વર્ષ ૨૦૦૪-૨૦૦૫ પડકારનું વર્ષ છે અને આપણે કામગીરીના ઉચ્ચ લક્ષ્યાંકો નિયત કર્યા છે અને એ લક્ષ્યાંકો નક્કર પ્રયાસ અને નિષ્ઠાથી હાંસલ કરવાના છે. માર્ચ-૨૦૦૫ પહેલાં રૂા.૧૦,૦૦૦ કરોડની વિક્રમી આવક-વસુલાતના આંકને વટાવી જવાનું આપણું લક્ષ્ય છે જે સિધ્ધ કરવા માટે આપણે વિશેષ કામગીરી કરવી પડશે જેવી કે, (૧) ગુણવત્તાયુક્ત સીલવાળા મીટરની સ્થાપના. (૨) નાના અને સામાન્ય ગ્રાહકને તકલીફ વગર તમામ ગ્રાહક પાસેથી બીલની પુરતી વસુલાત. (૩) જનરેશન સ્ટેશનમાં પી.એલ.એફ.માં ૨ થી૩ ટકાનો વધારો અને વીજ મથકો ખાતે ઉત્પાદકતા વધારવાના પગલાં (૪) ખર્ચમાં કરકસર (૫) નવા વીજધારાની જોગવાઈઓ અનુસાર વીજચોરી ડામવા માટેના અસરકારક પગલાં લેવા, વગેરે.

મને એ બાબતની ખુશી છે કે આપ સૌએ સમગ્ર બોર્ડમાં ''ફાઈવ-એસ''ના વિચારોનો ઉત્સાહપૂર્વક અમલ કર્યો છે. ''ફાઈવ-એસ'' એક વખતે જ કરવાની પ્રવૃત્તિ નથી પરંતુ એ તો સતત પ્રક્રિયા છે, જેમાં કામકાજનાં વાતાવરણમાં પરિવર્તન, વિવિધ કાર્ય પદ્ધતિમાં સુધારો અને ઓછામાં ઓછા સમયમાં કામગીરીનો નિકાલ અને ભવિષ્યમાં કાગળ વિહિન કચેરીની સ્થિતિ તરફ આગળ વધવાનો સમાવેશ થાય છે. આપણે પેટા વિભાગીય કચેરીની સ્થિતિ સુધારવાની કામગીરી પણ હાથ ધરેલ છે. પેટા વિભાગીય કેચરીમાં આવશ્યક સમારકામ માટે શરૂઆતનાં તબક્કામાં સંચાલન અને નિભાવ વર્તુળ કચેરી દીઠ આવી પાંચ સબડીવીઝન કચેરીઓ માટે રૂા. ૫૦,૦૦૦/- ની રકમ કચેરી દીઠ મંજુર કરેલ છે. આ રકમ તે કચેરીના નાના મોટા રીપેરીંગ, યોગ્ય શૌચાલય વ્યવસ્થા, ઓફીસને લગતી જરૂરી ચીજ વસ્તુઓ અને દફતરને યોગ્ય રીતે ગોઠવવાની વ્યવસ્થા, પીવાના પાણી માટે વોટર કુલરની સુવિધા અને ગ્રાહકો માટેની

પણ જરૂરી સુવિધા સહિતની તમામ જરૂરી વ્યવસ્થા પાછળ ખર્ચવામાં આવી છે. આ પ્રમાણે અદ્યતન વ્યવસ્થા સાથેની પેટા વિભાગીય કચેરીઓ આદર્શ કચેરીઓ બની રહે તે સર્કલના ચેમ્પિયન્સ અને વિભાગીય વડા એટલે કે અધીક્ષક ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ સંદર્ભમાં ગુજરાત વિદ્યુત બોર્ડ તેમજ તેની આનુષાંગિક કંપનીઓ દ્વારા આ પ્રક્રિયામાં કોમ્પ્યુટરનો મહત્તમ ઉપયોગ કરવાનો મહત્વાંકાંક્ષી કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવ્યો છે. ગુ.વિ.બોર્ડની વિવિધ કામગીરીઓમાં કોમ્પ્યુટરનો બહોળો ઉપયોગ કરવા જી.આઈ.એસ. (જીયોગ્રાફીકલ ઈન્ફર્મેશન સીસ્ટમ) હાલમાં અસરકારક રીતે અમલમાં મુકવામાં આવેલ છે. તદ્ઉપરાંત પેટા વિભાગીય કચેરીઓ સુધી કોમ્પ્યુટરના વ્યાપક ઉપયોગથી નેટવર્કીંગ સ્થાપી રજીસ્ટ્રેશન ફી થી કનેકશન રીલીઝ સુધીની સંપુર્ણ કામગીરી, ફોલ્ટ એટેન્ડન્સ, દરેક સબ ડીવીઝનમાં વસુલાત અંગેની માહિતી, વીજચોરીના બીલ તૈયાર કરવાની કામગીરી વગેરેનો સમાવેશ થાય છે. તદ્ઉપરાંત વડોદરા જીલ્લામાં વીજ ગ્રાહકો તેમના વીજબીલના નાણા પોસ્ટ ઓફીસમાં ભરપાઈ કરી શકે તે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવી છે.

વીજ મથકો ખાતે અને વીજ પ્રવહન વિસ્તારોમાં મહત્વની યંત્ર સામગ્રીની સંપૂર્ણ ઉત્પાદકીય સાર સંભાળ (ટોટલ પ્રોડકટીવ મેઈન્ટેનન્સ-ટી.પી.એમ.) ના ખ્યાલને પણ આપણે અપનાવ્યો છે. જે લોકો આ યંત્રોની કામગીરીમાં ખરેખર રોકાયેલા છે એ તમામની પાસેથી આ યંત્રોની કાર્યક્ષમતા અને ચોકસાઈની માહિતી મેળવવાનો ખ્યાલ આ ટી.પી. એમ. પધ્ધતિમાં છે. જેના દ્વારા યોગ્ય કાર્યસૂચિના માધ્યમથી યંત્રની સાર સંભાળ તેમજ યંત્ર દ્વારા થયેલ પૂર્વ કામગીરીની નોંધ દ્વારા જે તે યંત્રને ઓછામાં ઓછો ઘસારો પહોંચે અને આયુષ્ય વધે એ જોવાનો હેતુ રહેલો છે. હું તમામ મુખ્ય ઈજનેરશ્રીઓને તેમજ વીજ મથક, વીજ પ્રવહન વર્તુળો અને વીજ વિતરણ ક્ષેત્રમાં કામ કરતાં તમામ કર્મચારીઓને યંત્રોની સાર સંભાળની જવાબદારી સ્વીકારી લેવા અને આ પ્રકારના પગલાંઓ લઈને યંત્રના આયુષ્યમાં વધારો થાય એવી કામગીરી કરવાનો અનુરોધ કરૂ છું. પ્રત્યેક યંત્ર બીનજરૂરી રીતે ખોટકાઈ ન જાય તેમજ સમય અને વીજ ઉત્પાદન વ્યય અટકે એ પ્રકારે સાર સંભાળ દ્વારા પ્રત્યેક યંત્રની ઝીણામાં ઝીણી વિગતની યોગ્ય નોંધ રાખવાની અને એનો નિયમિત અહેવાલ આપવાની પદ્ધતિ પણ મહત્વની છે. જે તે કાર્ય સ્થળે કાર્યક્ષમતા વધે અને વ્યય ઘટે એ પ્રકારના સૂચનો દ્વારા બીનજરૂરી ખર્ચ ઘટાડવા માટે પણ આપણે સર્તક રહેવાની જરૂર છે.

આપ સૌને એ પણ સુવિદિત છે કે વીજ ઉત્પાદન, વીજ પ્રવહન અને વીજ વિતરણના ક્ષેત્રમાં ચાવીરૂપ કામગીરી નિર્દેશ (કી પરર્ફોમન્સ ઈન્ડીકેટર) નો દરેક જગ્યાએ સફળતાપૂર્વક અમલ થયો છે અને હવે આ કે.પી.આઈ.ની સમીક્ષા કરવાનો

અને એને વ્યક્તિગત કામગીરી સાથે સાંકળવાનો સમય આવી ગયો છે. કાર્યદક્ષ અને કાર્યક્ષમ કર્મચારીઓને પ્રોત્સાહન પ્રાપ્ત થાય અને બીનકાર્યક્ષમ કર્મચારીઓ પાસેથી વધુ સારી કામગીરી લેવામાં આવે એ આપણે જોવાનું રહેશે. આ સમય શ્રેષ્ઠ કાર્યક્ષમતા સાકાર કરવાના પવિત્ર કાર્યને પુનઃ સમર્પિત થવાનો છે. આપણે નવા યુગના દ્વારે આવીને ઉભા છીએ અને નવા તાજગીભર્યા વાતાવરણનો અનુભવ કરીએ છીએ. છેલ્લા બે વર્ષ દરમ્યાન આપણે નવા પડકારોનો સામનો કરવા માટે આપણી શક્તિના સ્ત્રોતોને વધુ મજબૂત બનાવ્યા છે અને હવે આપણે પાછા પડી શકીએ નહિ. આપણે જે કાંઈ સમજ્યા છીએ એ સિધ્ધ કરવા માટે આ સંસ્થા આપણી પોતાની છે તેની ભાવના હોવી જરૂરી છે. આપ સૌના સહકારથી, હકારાત્મક વલણથી અને પ્રગતિની ઝંખનાથી આપણે સૌ ચોક્કસપણે ગુજરાત વિદ્યુત બોર્ડ અને તેની નવી સ્થપાનાર કંપનીઓ માટે કાર્યરત થઈશું અને સિધ્ધિના ઉચ્ચતર અને ઉચ્ચતમ શિખરો સર કરીશું.

આપણો મુદ્રા લેખ રહેશે :

અમે જીઈબીના સેનાની
પરિવર્તનના પંથે.....
સંકલ્પો કરીશું સાકાર,
વિશ્વાસ છે અપાર...

આ સંદેશ તૈયાર થતાં દરમ્યાનમાં હું નાણાં વિભાગનો કાર્યભાર સંભાળવા જઈ રહી છું. આપ સૌએ અઢી વર્ષ ઉપરના સમયગાળામાં જે સહકાર આપ્યો છે તે બદલ હું આપ સૌનો આભાર માનું છું. આપ સૌનો તથા આપના કુટુંબીજનોનો વિકાસ થાય તેનો મને ખૂબ આનંદ થશે.

આપ સૌને મારી ખૂબ ખૂબ શુભેચ્છાઓ.

મંજુલા સુબ્રમણ્યમ આઈ.એ.એસ.
અધ્યક્ષ
ગુજરાત વિદ્યત બોર્ડ

જનસંપર્ક વિભાગ, ગુજરાત વિદ્યુત બોર્ડ :
મુખ્ય કાર્યાલય, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા. -૩૯૦ ૦૦૭. દ્વારા પ્રકાશિત ફોન : ૨૩૩૯૦૬૩

Arihant Printery : Ph : 2461209, M: (0265) 313277

SMT. HANSA MEHTA LIBRARY • The M. S. University of Baroda •



નવેમ્બર, ૨૦૦૪

## માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિદ્યુત બોર્ડનો કર્મચારીઓને સંદેશ

**પ્રિય કર્મચારી મિત્રો,**

સૌ પ્રથમ આપ સૌને સમગ્ર વર્ષ દરમ્યાન ગુજરાત વિદ્યુત બોર્ડે પ્રાપ્ત કરેલ સુંદર પરિણામો તેમજ બોર્ડની કામગીરીમાં સુધારા તરફી આગેકૂચ બદલ અભિનંદન.

મને શ્રધ્ધા છે, તમે નવા નવા સિધ્ધિઓના સોપાનો સર કરતાં રહેશો, જેથી આપણી સંસ્થા સિધ્ધિઓના નવા શિખરો સર કરશે.

આપણે ''સૌ પ્રથમ જીઈબી'' એ મંત્રને ધ્યાનમાં રાખીશું તો આપણે આપણાં લક્ષ્યને હકીકતમાં ફેરવી શકીશું.

આપણાં તત્કાલીન અધ્યક્ષ ડો. મંજુલા સુબ્રમણ્યમે આપ સૌને સમયાંતરે સંદેશ પાઠવેલ છે તેમાં સ્પષ્ટ કર્યું છે કે ''રીફોર્મ્સ પ્રોસેસ'' એક તંદુરસ્ત કાર્યક્ષમ અને પરિણામલક્ષી સંસ્થાના નિર્માણ માટે ખૂબ જ જરૂરી છે. આપણા સૌના પ્રયત્નો આપણી સંસ્થાને કાર્યક્ષમ અને કામગીરી સુધારવા માટે કેન્દ્રિત હોવા જોઈએ અને જે આપણા સૌના હિતમાં પણ છે.

આપ સૌ જાણો છો કે આપણે સૌ જીઈબીના પુનર્ગઠનની પ્રક્રિયા દ્વારા નાના અને વ્યવસ્થાપનની રીતે સરળ એકમોમાં ફેરવી રહ્યાં છીએ. આ પ્રક્રિયા સરળ તેમજ વ્યવસ્થિત બને તે માટે પગલાંઓ લેવામાં આવ્યાં છે. આ પ્રક્રિયા આગળ ધપાવી તેને પરિપૂર્ણ કરવાના પગલાં લેવામાં આવી રહ્યાં છે.

આ તબક્કે હું આપ સૌને વિશ્વાસ આપું છું કે પુનર્ગઠનની આ પ્રક્રિયા બોર્ડના કોઈપણ કર્મચારી માટે મુશ્કેલી ન સર્જાય તે રીતે પૂર્ણ કરવામાં આવશે. આપ સૌ જીઈબી, રાજ્ય

સરકાર અને યુનિયન /એસોસીએશન વચ્ચે થયેલ કરાર દ્વારા સુરક્ષિત છો અને આવી રહેલા બદલાવ કોઈના હિતને હાનિકર્તા નહિ હોય.

''ટ્રાન્સફર સ્કીમ'' મુજબ બોર્ડની મિલ્કતો, જવાબદારીઓ, ચાલુ દાવાઓ તેમજ કર્મચારીઓ ''જયાં છે ત્યાં'' ના ધોરણે ટ્રાન્સફર થશે. ''રીપ્રેઝન્ટેટીવ કમિટિ'' કર્મચારીઓએ આપેલ ઓપ્શન તેમજ નોર્મ્સ કમિટી ધ્વારા ઘડવામાં આવેલ ભલામણોના આધારે યોગ્ય નિર્ણય લેશે. આ ઉપરાંત એક ફોરમ પણ બનાવવામાં આવશે જે રેફરી તરીકે કામ કરશે અને વ્યક્તિગત કર્મચારીઓની તકરારનો ચોક્કસ સમય મર્યાદામાં નિકાલ લાવશે.

આપણાં ''નવા અવતાર'' માં ગ્રાહકલક્ષી સેવાઓ આપણો મૂળભૂત ઉદ્દેશ રહેશે. આ દિશામાં એક પગલું ભરવાના ભાગરૂપે આપણાં કર્મચારીઓને ગુણવત્તાસભર અને કાર્યક્ષમ સેવાઓ અંગેની તાલીમ આપવાનું પણ શરૂ કર્યુ છે.

આપણે આપણા વીજ ઉત્પાદન કેન્દ્રોમાં ઉત્કૃષ્ઠ કામગીરી માટે જે ચંદ્રકો મળ્યા છે એના માટે ગૌરવ અનુભવીએ છીએ, સાથો સાથ વીજ ઉત્પાદન ક્ષેત્રે હજુ પણ ઘણું બધું કરવાનું બાકી છે. પ્લાન્ટની ઉપલબ્ધતા અને મશીનની કાર્યક્ષમતા માટે સમર્પિત ઉપાયો અને અસરકારક પધ્ધતિઓ અપનાવવી પડશે. વીજ ઉત્પાદન કંપની તેમની કામગીરીથી સંતુષ્ઠ નહીં રહી શકે અને તેણે સારી કામગીરીની દોડમાં રહેવું જ પડશે. હવે ''કોસ્ટ ઈફેકટિવનેસ'' આપણો મૂળમંત્ર હોવો જોઈશે, અન્યથા જીઈબીના વીજ ઉત્પાદન કેન્દ્રો ગુણવત્તાની દ્રષ્ટિએ પાછળના ક્રમમાં ધકેલાઈ જશે.

વીજ પ્રવહન ક્ષેત્રે ટ્રાન્સમિશન લોસ અને ટ્રીપીંગમાં ઘટાડો અનિવાર્ય છે. ફક્ત નવા સબસ્ટેશનો શરૂ કરવાથી વીજ પ્રવહન ક્ષેત્રે પ્રશ્નો ઉભા થશે અને વીજ પ્રવહન ક્ષેત્રે ''ઓપન એક્સેસ'' ના લીધે વીજ પ્રવહન કંપનીએ તેની સીસ્ટમને સતત સુધારતા રહેવું પડશે તેમજ સ્વયં સંચાલિત સીસ્ટમ તરફ જવું પડશે. માહિતી અને આંકડાઓ સીધા મશીનમાંથી જ લેવા પડશે નહીં કે માનવ સંચાલિત પધ્ધતિ જે આજે આપણે કરી રહ્યાં છીએ.

વીજ વિતરણ ક્ષેત્રે પણ ઘણું બધું કરવાનું બાકી છે. પાછલા બે વર્ષમાં વીજ વિતરણ ક્ષેત્રે કામગીરી સુધારવા ઉપર પૂરતો ભાર મૂક્યો છે. ટી. એન્ડ ડી. લોસ, ગ્રાહકોના સંસ્થાનમાં ઈલેટ્રીકલ ફોલ્ટ દૂર કરવો તેમજ યોગ્ય સમયે માનવ, સાધન અને સામગ્રી

ઉપલબ્ધ થાય એ ખૂબ જ મહત્વનું છે. યોગ્ય આયોજન તેમજ સંગઠિત પ્રયત્નો હકારાત્મક બદલાવ લાવી શકે છે. ગ્રાહકો પ્રત્યેનો આપણો અભિગમ બદલવો પડશે અને હવે આપણે ગ્રાહક પ્રત્યે મિત્રતાભર્યો વ્યવહાર રાખવો પડશે. મેનેજમેન્ટ ''કી પરફોર્મન્સ ઈન્ડીકેટર'' ધ્વારા વીજ ઉત્પાદન, વીજ પ્રવહન અને વીજ વિતરણ ક્ષેત્રે સ્પર્ધાત્મક વાતાવરણ ઉભું કરવાના પ્રયત્નો કરવામાં આવ્યાં છે.

નાણાંકીય ક્ષેત્રે ખર્ચ ઉપર અંકુશ મેળવવા માટે તેમજ આવક વધારવા માટે પૂરતાં પ્રયત્નો કરવામાં આવ્યાં છે. નાણાંકીય સંસ્થાઓ સાથે વાટાઘાટો કરી વ્યાજનું ભારણ પણ ઘટાડવામાં આવ્યું છે. એ જ રીતે ખાનગી વીજ ઉત્પાદકોના કિસ્સામાં આપણે ફીક્સ કોસ્ટ નોંધપાત્ર રીતે ઘડાડી શકયા છીએ તેમજ ખાનગી વીજ ઉત્પાદકો પાસેથી મેળવાતી વીજળીની કિંમત વાટાઘાટો ધ્વારા ઓછી કરવામાં આપણે સફળ થયા છીએ.

આપણે મહત્વની સિધ્ધિઓમાં કોલ ઈન્ડીયા અને આઈ.ઓ.સી. સાથે વાટોઘાટો કરી '' એલ.એસ.એચ.એસ.'' બળતણની કિંમતમાં ઘટાડો કરી શકયાં છીએ.બળતણની ગુણવત્તામાં પણ સુધારો લાવી શક્યાં છીએ. આ બધાં પગલાંઓ આપણાં માટે લાંબા ગાળે ખૂબ ફળદાયી નીવડશે. આ પ્રકારના પગલાંઓ ગતિશીલતા લાવવા માટે ભવિષ્યમાં પણ જરૂરી બનશે.

ખર્ચમાં અંકૂશ રાખવા માટે ખોટો, બિનજરૂરી તેમજ બિનઆયોજિત ખર્ચ અટકાવવો પડશે. ખર્ચને અંકૂશમાં રાખવાના મજબૂત પગલાંઓ ધ્વારા યોગ્ય સાધનોમાં રોકાણ માટેનું ભંડોળ ઉપલબ્ધ થઈ શકશે. રેવન્યુ કલેકશન, પડતર બીલની રકમમાં ઘટાડો, આકારણીમાં વધારો, ટી. એન્ડ ડી. લોસમાં ઘટાડો જેવા પગલાંઓ આપણી સંસ્થાની નાણાંકીય તંદુરસ્તી વધારશે. આ માટે આપણે શક્ય તમામ પગલાંઓ લેવા પડશે. આપણા સદ્નસીબે રાજ્ય સરકારે ''જ્યોતિગ્રામ યોજના'' હેઠળ આપણી કાર્યક્ષમતા વધારવા માટે પૂરતું ભંડોળ પૂરૂં પાડયું છે.

થોડા સમય પૂર્વે આપણે ''પડકાર સપ્તાહ'' ની પૂર્ણાહુતિ કરી, ભવિષ્યમાં જે ખરો પડકાર આવવાનો છે તે પહેલાનું આ પ્રથમ નિશાન હતું. આવનારા ભવિષ્યનો પૂર્ણ પ્રતિબધ્ધતાથી, સ્વસ્થતાથી અને ઐક્ય અને સહનશક્તિની ભાવનાથી સામનો કરવાનો આ પડકાર છે.

''ફાઈવ-એસ'' તેમજ ટી.પી.એમ. થકી ''કાયઝન''નો અમલ રોજબરોજની કામગીરીમાં પણ કરવો જોઈશે. ફક્ત ગ્રાહકલક્ષી જ નહિ, પરંતુ આંતરિક પ્રક્રિયા, પધ્ધતિઓ અને વ્યવસ્થામાં પણ આપણે સુધારાલક્ષી હોવું જોઈએ. કર્મચારીઓ સારા અને સ્વસ્થ વાતાવરણમાં સારી કામગીરી કરી શકશે. આપણી કામ કરવાની જગ્યા સ્વચ્છ હશે, કાર્યપધ્ધતિ સરળ હશે અને આપણાં સૌમાં સંઘભાવના થકી કામ થતું રહે તેવો આપણો ધ્યેય રહેશે. આપણે માનવસંસાધન ક્ષેત્રે પણ આવી વ્યવસ્થા બનાવવા ઈચ્છીએ છીએ કે જેથી કર્મચારીઓ તેમની કચેરીમાં કોઈપણ ભય કે પક્ષપાત સિવાય હકીકત રજૂ કરી શકે.

સમય આવી ગયો છે કે આપણે સૌ આપણી જાતને સંસ્થા માટે સમર્પિત કરીએ. ભલે પછી તે સંસ્થા વીજ ઉત્પાદન કંપની હોય, વીજ પ્રવહન કંપની હોય કે વીજ વિતરણ કંપની હોય, આપણું ધ્યેય સંસ્થાના પાયાના મૂલ્ય, ''વિઝન અને મિશન'' આપણી સમક્ષ મુકવામાં આવે તેને હાંસલ કરવાનું હોવું જોઈએ, જેથી નવી કંપનીઓ નફાકારક કામગીરી માટે કાર્યક્ષમ બને તેમજ ગુજરાતમાં વસતા લોકોને વધુ સારી સેવા પૂરી પાડી શકાય.

ચાલો, આ દિવાળી સૌના ઘરમાં નવો પ્રકાશ લાવે, નવી આશા અને આકાંક્ષાઓ જગાવે તેવો સંકલ્પ કરીએ... ચાલો, આપણે આપણી કંપનીને રાજ્ય તેમજ સમગ્ર દેશભરમાં ઉર્જા ક્ષેત્રની ટોચની કંપની બનાવવાનું સ્વપ્ન સાકાર કરીએ.

આપ સૌને દીપાવલી તેમજ નૂતન વર્ષની શુભકામના...

શ્રીમતી વિજયલક્ષ્મી જોશી
આઈ.એ.એસ.
અધ્યક્ષ
ગુજરાત વિદ્યુત બોર્ડ

તા.૮-૧૧-૨૦૦૪